
# અગત્યના નવ છૂટકારાઓ

## ઈસુની સુવાર્તાના વિશ્વવ્યાપી ફેલાવા માટે મંડળીએ ધાર્મિક રીતરિવાજોથી આ છૂટકારાઓ મેળવવા જોઈએ.

જેઓ પોતાની મંડળીના લોકોનું પુનર્જીવન અને વૃધ્ધિ ફેલાવો જોવા ઈચ્છે છે તેઓ આ લેખનો ઉપયોગ મંડળીના લોકોને તૈયાર કરવા માટે કરી શકે છે. આ લેખમાં નવ સ્વતંત્રતાઓ બતાવવામાં આવી છે.

તમારામાંનો કોઈ એક આ નવ બાબતો રજુ કરે ત્યારે બીજો કોઈ એક જૂની રીતરસમ માનનારનું પાત્ર ભજવે. (મી.ટ્રેડીશન-શ્રી જૂનવાણી) શ્રી જૂનવાણી એક હેટ પહેરે અથવા હાથમાં બોર્ડ પકડે જેમાં 'શ્રી જૂનવાણી' લખ્યું હોય. શ્રી જૂનવાણીનું કામ તમે જે દરેક બાબતો રજુ કરો તેનો સામનો કરવાનું છે તમે આ વિરોધોનો જવાબ આપો તે બીજા સાંભળે અથવા તમે લોકોને કહી શકો કે તેઓ શ્રી જૂનવાણીને જવાબ આપે તે વધારે સારૂં રહેશે. તમે તમારા શિક્ષણ કલાસમાં શ્રી જૂનવાણીનો પરિચય આપો ત્યારે તમે આવું કહો, શ્રી જૂનવાણી તમારી સભામાં હાજરી આપી રહ્યાં છે. તેઓ તો ચારે બાજુ બધે ફરે છે. તમે પણ શ્રી જૂનવાણી હોઈ શકો છો.



**૧. ઠીકઠીક સમયથી સ્થપાયેલ મંડળીઓએ પ્રભુ દ્વાર ખોલે ત્યારે નવી મંડળીઓ સ્થાપવી જોઈએ.(શિક્ષણ)**

- જેઓએ આ સ્વતંત્રતાના ઉત્તમ ઉદાહરણ પૂરા પાડ્યા તેઓમાં બાર્નાબાસ અને એપાફ્રાસ છે.
- દરેક જગાએ બાઈબલના પ્રેરિતો ફર્યા, નવી મંડળીઓ સ્થાપી અને વૃધ્ધિ પામી.
- નવા બિલ્ડીંગ કે પગારોની જરૂરિયાતોથી સ્વતંત્ર એવી આ મંડળીઓને પ્રેરિતોએ કાર્યરત રહેવા દીધી.

**શ્રી જૂનવાણી આવી દલીલો કરે છે :** "આપણી મંડળીઓના નીતિનિયમો પ્રમાણે એક મંડળીએ નવી મંડળી શરૂ કરતા પહેલાં સ્થાનિક હેડ ઓફિસને અરજી કરીને મંજુરી માંગવી પડે, તેમાં નક્કી કરેલી સંખ્યા થઈ હોવી જોઈએ, કેટલાવર્ષોથી તે શરૂ થઈ છે અને પાસે જરૂરી બજેટ છે કે નહિ તે બધું જોવું પડે."

**૨. સર્વ માનવરચિત ધાર્મિક નિયમો અને રસમોથી પર ખ્રિસ્તની અને તેના પ્રેરિતોની આજ્ઞાઓને આધિન થવાની સ્વતંત્રતા.**

- પિતર અને બીજા પ્રેરિતોએ પ્રે.કૃ.૨માં નવા કરારની મંડળીને શરૂઆતથી જ ખ્રિસ્તને આધિન થવાનું શિક્ષણ આપ્યું.
- આપણે સંક્ષિપ્ત કરેલ સાત પાયાની આજ્ઞાઓરૂપે ઈસુએ ઘણી આજ્ઞાઓ શિખવી અને શરૂઆતના તારણ પામેલા ૩૦૦૦ વિશ્વાસીઓ પ્રે-૨માં તે પાળતા હતા. તેઓએ પસ્તાવો કર્યો અને પવિત્ર આત્મા પામ્યા, વિશ્વાસની સાબિતિરૂપે બાપ્તિસ્મા પામ્યા, પ્રભુની મેજમાં ભાગ લેતા હતા, એકબીજાને પ્રેમ કરતા હતા (તેઓની સંગતમાં દેખાતું હતું) પ્રાર્થના કરતા હતા, દાન કરતા હતા અને શિષ્યો બનાવતા હતા.

**શ્રી જૂનવાણી કંઈક આવી દલીલ કરે છે :** "આપણે બધાએ જે હું ઠરાવું તે નીતિનિયમો પાળવા જોઈએ તમે તે માન્ય રાખશો તો એકતા ચોક્કસ છે."

**૩. ઘરોની અને અવિશ્વાસી શોધકોની મુલાકાત, નવા વિશ્વાસીઓને સુવાર્તા આપવી, શિષ્યો બનાવવા અને તેઓના કુટુંબોમાં તેમના સંસ્કારને સુસંગત ભજનસેવા ચલાવવાની સ્વતંત્રતા. આ અંગેનું શિક્ષણ.**

- બાઈબલના નમૂનાઓ-પીતર અને કર્નેલ્યસ તેમજ ઈસુએ ૭૦ શિષ્યોને મોકલ્યા તે.
- જ્યારે કોઈએ વિશ્વાસ કર્યો ત્યારે તેઓ તરત જ પોતાના કુંટુંબીજનો અને મિત્રો પાસે ગયા, જેમ લેવી,

કર્નેલિયસ, લુદીયા, ફિલીપ્પીનો દરોગો અને ક્રિસ્પસ.

- તેઓએ પોતાની ચોક્કસ સામાજીક કાર્યજાળ મારફતે શક્ય તેટલી હદે નવા વિશ્વાસીઓને પ્રેમભર્યા સંબંધોમાં પકડી રાખ્યા.

**હવે શ્રી જૂનવાણી આમ કહે છે :** ‘‘નવા થયેલા વિશ્વાસીઓને જલ્દીમાં જલ્દી મિત્રો, સગાઓ અને સંસ્કૃતિની ખરાબ અસરોમાંથી અલગ કરો.’’

**૪. નવા વિશ્વાસીઓને મોડુ કર્યા વગર બાપ્તિસ્મા આપવાની અને સંગતમાં આવે ત્યારે મેજમાં ભાગ દેવાની સ્વતંત્રતા.**

- બાઈબલના નમૂનામાં ખ્રિસ્ત અને યરૂશાલેમની મંડળી. પ્રે.૨:૩૮-૪૭

**શ્રી જૂનવાણી કહે છે** ‘‘બાપ્તિસ્મા અને પ્રભુની મેજનો વિધિ પ્રમાણિત પાળક જ કરાવી શકે. બાપ્તિસ્મા લેવા માંગતા સભ્યોએ પહેલા પાણી પર ચાલી બતાવવું જોઈએ.’’

**૫. પવિત્ર આત્માએ આપેલ બધા દાનોનો ઉપયોગ કરીને ખૂબ નિકટ અને પ્રેમ ભરેલી સંગતમાં અને મંડળી તરીકે ખ્રિસ્તના શરીરમાં રહીને એકબીજાની સેવા કરવાની સ્વતંત્રતા ૧કો.૧૪:૨૪-૨૬ (શિક્ષણ)**

- બાઈબલના નમૂનામાં કોરીંથની મંડળી.
- પવિત્ર આત્મા બધા નવા વિશ્વાસીઓને ખાસ આત્મિક દાનો આપે છે જેથી તેઓ એકબીજાની સેવા કરી શકે.
- મંડળી બાંધવા માટે જરૂરી બધા આત્મિક દાનો પાદરી કે ડીકનમાં એક સાથે હોતા નથી.

**શ્રી જૂનવાણી કહે છે** : ‘‘બધી બાબતો શોભતી રીતે અને વ્યવસ્થિત રીતે કરો. તે વ્યવસ્થા એટલે હું કહું તે પાદરી તરીકે ભણેલા હોય તે જ લોકોને ભાષણ કરી શકે.’’

**૬. જેઓ નવા કરારમાં દર્શાવેલ વડીલોની લાયકાતો ધરાવે છે તેઓ જ પાળક તરીકે ની સેવા, પગારથી અથવા પગાર વગર કરવાની સ્વતંત્રતા.**

- બાયબલના નમૂનાઓ- પાઉલ અને તિતસ
- બાયબલ સિવાયની લાયકાતોમાં ઈશ્વરવિદ્યાશાળાનો અભ્યાસ, આર્થિક સધ્ધરતા, સામાજિક મોભો, છટા અને ભાષાજ્ઞાનનો સમાવેશ થાય છે. તમારા વિસ્તારની રસમમાં બાઈબલ બહારની લાયકાત કઈ છે ?

**શ્રી જૂનવાણી આવું કહે છે :** ‘‘આપણી મંડળીના નિયમોમાં પાળકો તૈયાર કરવાની પધ્ધતિ આપી છે. તેમાં ૭૫૦ જરૂરિયાતો પૂરી થવી જોઈએ. તેમની પાસે ખાસ શૈક્ષણિક ડિગ્રી હોવી જોઈએ અને ધંધાદારી પગાર મળવો જોઈએ.’’

**૭. નવા કરારના નમૂના પ્રમાણે દરેક જૂથની સંખ્યા અને તેના આગેવાનની સમજણબુધ્ધિ અનુસાર દેવનું વચન શીખવવા અને પ્રચાર કરવાની સ્વતંત્રતા.**

- બાઈબલના નમૂનામાં નવા કરારની એકબીજાની આજ્ઞાઓ અને ઈસુની વાતચીતની રીત.

**શ્રી જૂનવાણી આવું કહે છે :** ‘‘આ જમાના માટે દેવે સક્ષમ વક્તાઓ દ્વારા પ્રચારની રીત નક્કી કરી છે. આપણે પુલપીટ ઉપર ઉંચી લાયકાત અને બુધ્ધિશાળી વક્તા જોઈએ.’’

**૮. નવી મંડળીઓ અને આગેવાનોની ત્વરિત જરૂરિયાતને પહોંચી વળવા પાળકોને તાલિમ આપવાની સ્વતંત્રતા.**

- આમાં એવા અભ્યાસક્રમો હોવા જોઈએ જેમાં પસંદગી માટે વિકલ્પો આપવામાં આવે જેથી નવા આગેવાનો અને સેવક એવો અભ્યાસ પસંદ કરી શકે જે નવી મંડળીઓની ચાલુ જરૂરિયાતોને સંતોષે.
- ચાલુ પરિસ્થિતિ અને ત્વરિત જરૂરિયાતો માટે ઈસુએ શિક્ષણ આપ્યું છે. ક્રીતની નવી મંડળીઓમાં જે ઉણપ હતી તે બાબતે જરૂરી બાબતો કરવા માટે પાઉલે તીતસને કહ્યું હતું.

- દરેક નવી મંડળીની જરૂરિયાતો જુદા જુદા પ્રકારની હોય છે.

**શ્રી જૂનવાણી આવું કહે છે :** ''મારી પાસે તાલિમ કાર્યક્રમ છે એ ગુણવત્તાવાળો અભ્યાસક્રમ છે. દરેક વિદ્યાર્થી એક જ સરખું શિક્ષણ લે છે, એક જ જગાએ શરૂ કરે છે અને સરખો માર્ગ અખત્યાર કરે છે. તેઓ આજે જે ભણે છે તેનો ઉપયોગ ભવિષ્યમાં થવાનો છે.''

**૯. સ્થાનિક સંકલનકારો પૂરા પાડવા જેઓ નવી મંડળીઓ અને પાળકોને તાલિમ આપનારાઓનું ધ્યાન રાખે- જેમ પાઉલે તીતસને જણાવ્યું તેમ તીત૧ઃ૫**

- બાઈબલમાં સ્વતંત્ર સ્થાનિક મંડળીનું ઉદાહરણ નથી.
- નવી મંડળીઓ જેઓ વારંવાર નિષ્ફળ જાય છે તેનું કારણ તેના આગેવાનો વધારે પુખ્ત પાળકો પાસેથી જ્ઞાન અને સલાહ અથવા શોધતા નથી કે મેળવતા નથી.

**શ્રી જૂનવાણી આવું કહે છે :** ''મંડળીઓએ શું માનવું જોઈએ અને શું કરવું જોઈએ તેને માટે કોઈ ઈશ્વરરહીત એક હથ્થુ સત્તા ચલાવનાર કે આપખુદ બીશપ અમારે જોઈતો નથી. અમારે તો સ્થાનિક મંડળીની સ્વાયત્તતા જોઈએ છે.'' **અથવા** ''હું આ સ્થાનિક જગાનો બીશપ છું અને હું જ મારા વિસ્તારનું ધ્યાન રાખું છું. મારા વિસ્તારમાં કોઈ સત્તા ચલાવે કે જવાબો માગે તેવો કોઈ નવો સંકલન કરનાર જોઈતો નથી. નવા કાર્યક્રમો સાથે સંકલન કરવા મારી પાસે સમય પણ નથી. અમે જેમ કરીએ છીએ તેમ ચાલુ રાખીશુ.''

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net